શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૮
અંક : ૭

## વરસાદની જોવાતી રાહ

ગત વર્ષે આ ટપક જયાંથી પ્રસિધ્ધ થાય છે ત્યાં અમરેલી ખાતે જુન આખર અને જુલાઈ માસ પુરો અતિવૃષ્ટિથી થયેલા નુકસાનના કારણે ઉપસ્થિત પરિસ્થિતિનો સામનો કરવા તમામ લોકો કામે લાગ્યા હતા. ગત વર્ષે વાવણી થયા બાદ તુરત જ મોટાભાગના ખેડૂતોના ખેતર ધોવાઈ જતા વર્ષભર માટે ઉભી થનાર આજીવિકા ગુમાવી. આ વર્ષે અમુક વિસ્તારોમાં વાવણી લાયક વરસાદ ન હોવા છતા ખેડૂતોએ એમ માનીને વાવી દીધુ કે વરસાદની મોસમ છે એટલે એ આશાએ જરુરી હોય તેવા તમામ ખર્ચ પોતાની પાસે નાણા ન હોવા છતાં કર્યા છે. સમજી શકાય છે કે ગયા વર્ષે ઉત્પાદન નથી આવ્યુ જે કંઈ મદદો મળી તે જમીનને દુરસ્ત કરવામાં વપરાઈ હશે તેમ માનીએ તો તે પણ પુરતી ન હતી. હવે આ વર્ષ પણ ખેડૂતોને કોઈ ઉત્પાદન ન મળે તો પછી લગાતાર નુકસાન કરતા આ વ્યવસાય સાથે આ વિસ્તારના લોકો જોડાઈ રહે તે અપેક્ષિત નથી. લોકો સતત વિકલ્પ શોધે છે કારણકે પરિવારના પોષણ, બાળકોના અભ્યાસ, પારિવારિક પ્રસંગો તથા આરોગ્ય જાળવણી માટેની જરૂરિયાત પોતે કરી રહેલા વ્યવસાયમાંથી મળતી નથી. ખેતી વ્યવસાય ગ્રામ્ય વિસ્તારમાં છે. યુવાનો શહેરી સુવિધા ઈચ્છે છે જે ગામોમાં ઉપલબ્ધ નથી. આ તમામ પરિસ્થિતીઓ સ્થળાંતર માટે જવાબદાર બને છે.

વિશ્વના તમામ લોકોને અન્ન પુરુ પાડનાર અન્નદાતા એવો આ ખેડૂત જયારે પોતાનો પારંપરિક વ્યવસાય છોડે ત્યારે તેને શું દુઃખ નહી થતુ હોય ? પરંતુ ઘણાં હિંમતવાળા લોકો આત્મહત્યા કરવાને બદલે પોતાની જમીન વેચીને અન્ય વ્યવસાય અપનાવી લે છે.

સારી વાત એ છે કે સંસ્થાના કાર્યક્ષેત્રમાં અને ખાસ કરીને જયાં સંસ્થાના કાર્યકરો ખેડૂતો સાથે મળીને ખેતી ખર્ચ ઘટાડવા અને ગુણવતા સભર ઉત્પાદન વધારવાના પ્રયોગો કરી રહયા છે. તે વિસ્તારોમાં સમયસર વરસાદ પડયો. પરંતુ રોગ જીવાંત તથા જંગલી જનાવરોની તો ત્યાંય તકલીફ તો છે જ. જે ખેડૂતોને ખેતી પ્રત્યેની નારાજગીનું કારણ બને છે. તેઓ આ વર્ષે પોષણક્ષમ ભાવો મળી રહે તેવી અપેક્ષા સાથે મહેનત કરી રહયા છે. અસ્તુ...

**માણસો તો સારા જ મળે છે માત્ર દ્રષ્ટી 'દુર્યોધર્નની છે.**

## સફળતાના માપદંડો

ચિંતક ન્યુટ રોકનએ કહયું કે, જીવન પંથકમાં એક ડગલું પણ આગળ વધવું વિકટ બને ત્યારે પણ પોલાદી અને ખડતલ લોકો આગળને આગળ ચાલતા રહે છે. વિષમ પરિસ્થિતીનો મુકાબલો કરે છે તેઓ વિજયી થઈ બહાર નીકળે છે. વીકટ પરિસ્થિતીમાં પણ મુશ્કેલીનો સામનો કરી અને બહાર નીકળવું પડે છે. સફળતા માટેના થોડા માપદંડોને અપનાવીએ.

માત્ર કોલેજની ડિગ્રી તમને કારકીર્દીને શિખરે નહી પહોચાડે. તમારે તમારો માર્ગ સખત પરિશ્રમથી કરવાનો છે. અન્ય માટે ભરોસાપાત્ર બનવાનું છે. સફળતા માટે કોઈની મહેરબાની ની રાહ નથી જોવાની અને એમ પણ માની નથી લેવાનું કે દ્વારો બંધ થઈ ગયા છે શું કરીએ ? આપણે જીવનના દ્વારને ધકકો મારીને ખોલવાનું હોય અને ગઈ કાલે એ દ્વાર તકનું દ્વાર બંધ હતું માટે આજે પણ બંધ હશે એમ માનવું નહી.

જીવનનું ધ્યેય નકકી કરી તે માટે શાંતીથી અને પધ્ધતિસર કામ કરીએ. આપણી કે આપણા કામની મહતા બતાવવા કરતાં કામની મહતા પર ભાર મુકવો જોઈએ. આપણે જે કામ કરીએ કે સિધ્ધિ મેળવીએ તેનો યશ બીજાને આપીશું તો વધારે સિધ્ધિ મેળવી શકીશું.

આપણી જાતને સતત કામ સોપતા રહેવું કેટલું નાનુ સુત્ર પણ કેટલું અર્થસભર ! આપણને લાગે કે આ કામ કરવા જેવું છે, તો કોઈને પુછવા માટે રોકાવ નહી. કોઈ આ કામ કેમ નથી કરતુ ? એ પ્રશ્ન કરવાને બદલે તમારી જાતને જ પુછોઃ આ કાર્ય હું કેમ નથી કરતો કે હું કેમ ના કરી શકું? જીવનનો હેતું પૈસા કે સતા મેળવવા માટે જ કાર્ય કરીએ તે ન રાખીએ. પરંતુ કોઈને કશુક આપી શકીએ તેવો સકારાત્મક હેતુ રાખીએ. નિષ્ફળતા કે જોખમોથી ડરીએ નહી. આપણે કેટલી વખત પડીએ એના કરતાં કેટલી વખત ઉભા થઈએ તે મહત્વનું છે. પ્રમાણીક થઈએ! આપણે જે કહીએ તે આચરણમાં મુકવા સખત પ્રયત્ન કરીએ. સંતાનોને માટે પણ નૈતિક દષ્ટાંત અને ખરેખર આદર્શ બનીએ. આપણે વિશ્વાસ રાખીએ કે આપણે આમા કંઈક બદલી શકીએ છીએ. આપણે તેમા ફેરફાર કરી શકીએ છીએ પરંતુ આપણી સમક્ષ જે કર્તવ્ય ઉભું હોય તે કરતા રહેવુ જોઈએ. આપણી રાજકીય અને આર્થિક સતાનો ઉપયોગ સમાજ અને કમભાગી લોકોના ભલા માટે કરીએ સમાજનું ઋણ ચુકવીએ. વલણ અને અભિગમ એ આપણા હાથમાં છે. આપણી સાથે કેવો વર્તાવ થયો છે એ મહત્વનું નથી પણ આપણે કેવો વર્તાવ કરી રહયા છીએ તે મહત્વનું છે.

માનવ માનવ વચ્ચેનો ભાઈચારો એ જાતિ, વર્ગ કે ધર્મના ભાઈચારા કરતાં વધુ મહત્વનો છે. કોઈપણ માણસનો કયારે પણ એના રંગ, જાતિ કે વર્ણ માટે અનાદર કરશો નહી.

**સંકલન : ટવીંકલ જોધાણી**

***સમય કિંમતી છે, પણ સત્ય તો એથી વધુ કિંમતી છે.***

## ટકાઉ ખેતી

દોસ્તો ગયા અંકમા સાંકડા પાટલે વાવેતર અને જલ્દી પાકતી જાતોની ખાસિયતો અને કાળજી વિષે વાતો કરી હતી આશા રાખુ છું આપને ઉપયોગી થઈ હશે.

આ અંકમા ગુલાબી ઈયળ અને ટપક વિષે થોડી વાતો કરવી છે દોસ્તો હાલ સમયમાં ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાંથી ગુલાબી ઈયળના ફુદાઓ જોવા મળે છે તેવા સમાચારો છે. મતલબ કે આ સાલ પણ ગુલાબી ઈયળનો આતંક રહેશે જેમા ડરવાની જરૂર નથી પરંતુ તેના સમયસરના પગલા લેવા ખુબ જ જરૂરી છે. ૩૦ દિવસનો કપાસ થાય એટલે વીઘા દીઠ ૩ ફેરોમેન ટ્રેપ લગાડી દેવી જેમાં ફુદાઓની સંખ્યાના આધારે યોગ્ય ગ્રુપની દવાની પસંદગી કરી અને છંટકાવ કરવો જોઈએ ગુલાબી ઈયળ ના ડરથી આલતુ ફાલતુ કે વધારે દવા છાંટવાની જરૂરિયાત નથી પરંતુ દવાઓની પસંદગી અને સમયસરનો ભલામણ મુજબનો ડોઝ આપવો ખુબ જરૂરી છે.

દોસ્તો અમુક કપાસના ખેતરોમાં ચુચિયા પ્રકારની જીવાતો દેખાય રહી છે જેમાં હાલ પુરતું કોઈ ઝેર છાંટવાની જરૂર નથી એક પમ્પમાં ૪૫ એમ.એલ. લીંબોળીના તેલનો છંટકાવ કરવાથી નિયંત્રણ થઈ શકે છે. ૪૫ દિવસ પછી જો દવાઓ છાંટવાની જરૂર જણાય તો મોટાભાગે બિયારણના પટમાં ઓર્ગેનોફોસ્ફેટનો ઉપયોગ થયેલો હોય છે માટે હવે પછીનો ડોઝ કાબામેટ ગ્રુપની દવાનો ઉપયોગ કરવો તે સલાહ ભર્યો છે. દોસ્તો કપાસ, મગફળીના પાકમાં જીવાત નુકશાનકર્તા થાય તેટલા પ્રમાણમાં હોય તો જ દવાઓનો ઉપયોગ કરવો મિત્રો આપણે ખ્યાલ છે કે મોનોકોટોફોસ તેમજ ટ્રાયજોફોસ દવાઓ આંતરરાષ્ટ્રીય સંસ્થા એ પ્રતિબંધ કરેલી છે જેનો ઉપયોગ કોઇ પણ વ્યકિત ના કરે તે આપના સૌના હિતમાં છે.

દોસ્તો સોરઠ કંપની દવારા ભૂમિ ટપકની કામગીરી ખુબ જ ઝડપભેર આગળ વધી રહી છે. જેમાં ગાંગરડા, સનખડા, ભાચા, વાજડી, ભાડીયાદર વગેરે ગામોના ખેડૂતોની ટપકની કામગીરીની પ્રક્રિયાઓ ચાલી રહી છે. જેમાં આપ બધા ખેડૂત મિત્રો જોડાવ તે ખેતિના સારા ઉત્પાદન માટે ખૂબ જરૂરી છે.

**– ડી. એન. ઝાલા**

### રમુજ એક થેરાપી

પાપા–બેટા, આજ તારી મમ્મી આટલી ચુપ કેમ બેઠી છે.

બેટા– મારી ભુલથી

પાપા–નાલાયક એવુ શું કર્યુ તે

બેટા–મમ્મીએ લીપ્સ્ટીક માંગીતી ને મે ભુલથી ફેવીસ્ટીક આપી દીધી.

પાપા–જુગ જુગ જીઓ મેરા લાલ...

ભગવાન આવા છોકરા બધાને દે..

*જેના વિચારોમાં સત્ય હોય, તેના ચહેરા પર ખૂબ તેજ હોય છે.*

## રકતપીત પીડીત લોકોની વ્યથા

સમાજમાં હજુ પણ કેટલાક એવા રોગો છે જેના વીશે લોકોમાં ગેરમાન્યતા કે અંધશ્રધ્ધા જોવા મળે છે. લોકો તેને સ્વીકારવા તૈયાર નથી હોતા રકતપીત પીડીત લોકો ને પણ આપણો સુશિક્ષિત અને સભ્ય ગણાતો સમાજ કંઈક આવી જ નજરથી જોવે છે. તેઓને ગામની બાર ધકેલી દેવામાં આવે અથવા તો સમાજથી દુર રહેવા માટે મજબુર કરી દેવામાં આવે છે. જેથી ભીક્ષા માંગીને રખડતુ જીવન જીવવુ પડે છે. આપણે ૨૧ મી સદીમાં જીવતા હોવા છતા જયારે લોકોને દયાજનક પરીસ્થિતિમાં જીવતા જોઈએ ત્યારે એવુ લાગે કે આપણે સૌ સાથે મળીને તેમના માટે કંઈક કરવુ જોઈએ તેઓને પણ



સામાન્ય જીવન જીવવાનો અધીકાર છે. આવા લોકોને પોતાની અંદર રહેલી શકિત બહાર આવે અને તેઓની આવડતનો ઉપયોગ કરીને આજીવીકાના સ્ત્રોત ઉભા થાય અને સમાજમાં સ્વાભીમાનથી પોતાનું જીવન જીવી શકે. તેવા આશયથી સંસ્થાએ જુનાગઢ તથા ભાવનગરની લેપ્રસી કોલોનીના લોકો સાથે મળી તેમની સાથે ચર્ચા કરી હતી. લેપ્રસીગ્રસ્ત લોકોની આ બીજી પેઢીને રકતપીતની કોઈ અસર નથી તેઓ બીલકુલ સ્વસ્થ છે અને અગાઉના તેના ભીક્ષાથી ચાલતા જીવનનિર્વાહમાં ઘણાં ફેરફારો સાથે જીવવાનું શરૂ કરતાં અને તેમની આવડતોને ધ્યાનમાં લઈ જરૂરી તાલીમો આપી છેલ્લા કેટલાક વર્ષોથી આ સંસ્થાએ ભાવનગર લેપ્રસી કોલોનીમાં રહેતા લોકોને સિલાઈ મશીનની સહાય અપાવી તેઓને સિલાઈકામ તેમજ તે અંગેના તાલીમના વર્ગો શરૂ કરાવ્યા હતા. સંજોગોવશાત તેઓ

**એકાગ્ર ચિતે કામ કરવાથી સફળતા જરૂર મળે છે.**

આ કાર્ય ચાલુ રાખી શકયા નથી. પરંતુ જુનાગઢ લેપ્રસીકોલોનીમાં વસવાટ કરતા અને મંડપ સર્વિસમાં મજુરી કામ કરતા યુવાનોએ પોતાની મંડપ સર્વીસ શરૂ કરવા દર્શાવેલ તૈયારી અને તેઓની મહેનતથી અત્યારે પોતાની મંડપ સર્વીસ ચલાવી રહયા છે. પોતે અન્ય એજન્સીમાં દૈનિક વેતનથી નોકરી કરતા હતા તેઓ માલિક બન્યા અને અન્યને રોજગારી આપતા થયા છે. સંસ્થાના આ અનુભવ બાદ સતાધાર મુકામે રહેતા રકતપિત પીડીત લોકો તથા તેઓના કુટુંબીજનોની પરીસ્થિતિનો અભ્યાસ કરવાના હેતુથી તા.૧૭/૭/૧૬ ને રવિવારના રોજ કેન્દ્રના કાર્યકરોએ મુલાકાત લીધી હતી. આ વીશેષ મુલાકાતમાં એવુ જોવામાં આવ્યુ કે તેઓ વૃધ્ધ છે. તેઓની પાસે આજીવીકા મેળવવાના



કોઈ સ્ત્રોત નથી અથવા તો તેઓને કંઈ કામ કરવુ હોઈ પરંતુ સમાજમાં કોઈ તેને કામ સોપવા તૈયાર નથી. તેઓ મજબુર થઈને મંદિર પાસે અથવા તો નજીકના ગામ સુધી જઈને, ભીખ માંગીને જે કંઈ મળે તેનાથી ગુજરાન ચલાવે છે. સાથે સાથે એવુપણ સામે આવ્યુ કે અમુક લોકો પાસે સુથારીકામ કે દોરા અને મોતીનાં અક્ષરો વડે સુંદર મજાનાં "નામ" લખી તેને સતાધાર મંદિર પાસે વેચીને આજીવીકા મેળવે છે. તેઓની આ અદભુત કળાથી બનાવેલ વસ્તુઓનું વેચાણ કરી પોતાના પરિવારોનું ગુજરાન ચલાવી શકે તે માટે કંઈક કરવું જરૂરી જણાયું છે.

– પ્રેમલ જોષી

**દરેક ઉમદા કાર્ય શરૂઆતમાં અશકય જ લાગતા હોય છે.**

## ટેન્શનમાંથી મુકિત મેળવવાના ઉપાયો

ટેન્શન દરેક રીતે નુકશાનકારક છે. ઘણીવાર ખબર જ પડતી નથી કે આપણે ટેન્શનમાં જીવીએ છીએ. ટેન્શનને સમજી ન શકવાના કારણે આપણી જાતને મશ્કેલીમાં મુકી દઈએ છીએ. ટેન્શન મુકિતના સરળ ઉપાયોઃ

### ૧. તૈયાર રહીએ

જીવનમાં આવતી ચડતી પડતી માટે પોતાની જાતને અગાઉથી તૈયાર રાખીએ. અગાઉથી અનુમાન કરી શકતા હોઈએ કે ભવિષ્યમાં આપણને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડશે તો માનસિક રીતે તેના માટે પોતાને પહેલેથી જ તૈયાર કરીએ. આનાથી મુશ્કેલી ભલે ટળી ન શકે પરંતુ માનસિક બળ જરૂર મળશે.

### ૨. સામાજીક સહયોગ

માનસિક દબાણ કે તાણની ક્ષણોમાં આપણે મિત્રો અને સગા સંબધીઓ વચ્ચે રહીએ. કારણ કે તેનાથી વિપરીત પરિસ્થિતિનો સામનો કરવાની સૌથી વધુ હુંફ મળે છે અને હિંમત પણ મળે છે.

### ૩. વિશ્વાસ રાખીએ

આપણાં કાર્યો અને વિચારોનુ મૂલ્યાંકન કરીએ. પોતાની જાત પર ભરોસો રાખીએ. શું બની રહયું છે અથવા ચાલી રહયું એ વાતની માહિતી મેળવીએ. આપણા વિચારો અને પ્રશ્નો વિશે સ્પષ્ટતા મેળવીએ. લક્ષ્ય જોવાની સ્પષ્ટ દ્દષ્ટિ મળશે એ લક્ષ્યને પ્રાપ્ત કરવાની મદદ મળશે.

### ૪. કમ્યુનિકેશન

ઇચ્છાઓ અને વિચારોને સ્પષ્ટ રીતે બીજા સમક્ષ વ્યકત કરીએ. એમાં ઈમાનદારી રાખીએ. પોતાના ભાવોને બીજા આગળ વ્યકત કરવાથી તાણમાંથી મુકત રહી શકાય આને પારિવારીક અને પ્રોફેશનલ બંનેય સંબધો સારા બને છે.

### ૫. સત્યને સ્વકારીએ

કોઈ દબાણ હેઠળ હોવા છતાં પણ સત્યને સ્વીકારવે. મુશ્કેલીઓનો સામનો કરીએ તેનાથી ભાગી છૂટવાથી કશું નહિ મળે.

### ૬. દવાનો ઉપયોગ

આલ્કોહોલ કોફીન અને સેડેટિવ્સનું સેવન હાનિકારક છે.

### ૭. દ્દઢનિશ્ચયી બનીએ

બીજાલોકો સાથેના આપણા સંબંધો સંતોષ જનક પણ હોઈ શકે છે અને દુઃખ દાયક તથા તાણ ભર્યા પણ કયારેક મકકમ રહેવું મુશ્કેલ છે, પરંતુ મકકમતા અને દ્દઢનિશ્ચયી હોવુ જરુરી છે.

### ૮. જીવનશૈલી

શારીરિક રીતે ફીટ અને સ્વસ્થ હો તો તાણમાંથી મુકતી મળે. શકિતને અને સંતુલનને જાળવવા તેમજ પડકારોનો સામનો કરવા સમતોલ અને પૌષ્ટિક ભોજન, દરરોજ યોગ, પ્રાણાયામ, કસરત, પુરતી ઉંઘ જરુરી છે.

### ૯. પ્રોફેશનલ સહાય

સમસ્યા વધી રહી હોય તો કોઈ મનોચિકિત્સક ની સલાહ લેવી એ ઘણા મદદરૂપ થશે.

**સમયને નષ્ટ થવા ન દો કેમ કે તે જીવન નિર્માણનું પરિબળ છે.**

**પશુપાલન**

આધુનીક યુગ ટેકનોલોજીનો યુગ માનવામાં આવે છે. પણ ટેકનોલોજી યુગની સાથે સાથે છેલ્લા ઘણા સામયથી ખેતી અને પશુપાલન પર પણ એટલો જ ભાર મુકવામાં આવી રહયો છે. ગુજરાત સહીત દેશભરના લોકો ખેતી પશુપાલનને એક સારા નફાકારક વ્યવસાય તરીકે પસંદ કરી રહયા છે.

આધુનીક યુગમાં ટેકનોલોજી અને વૈજ્ઞાનીક પધ્ધતિનો ભરપુર ઉપયોગ કરવામા આવે છે. તેવી જ રીતે લોકો ખેતી અને પશુપાલનમાં પણ આધુનીક ટેકનોલોજી અને વૈજ્ઞાનીક પધ્ધતિનો ઉપયોગ કરી સારી એવી કમાણી કરતા થયા છે. તેનુ એક ઉદાહરણ છે બનાસકાંઠાના જિલ્લાના પાલનપુર વિસ્તારના કશ્કલ ગામના દિનેશચંદ્ર જુડાલ છે.

તેઓએ ૨૦૦૧માં વૈજ્ઞાનિક ઢબે શરુ કરેલા પશુપાલન દ્વારા હાલ તેઓ દૈનિક ૨૬૦ લીટર જેટલું ઉત્પાદન કરી સારી એવી કમાણી કરી રહયા છે.

દિનેશચંદ્ર પોતે વેટેનરી ડોકટર છે. વર્ષ ૨૦૦૧માં ડોકટર બન્યા બાદ પોતે કંઈક અલગ કરવાની નેમ સાથે વૈજ્ઞાનીક પધ્ધતિથી પશુપાલન કરવાનુ નકકી કર્યુ.

વૈજ્ઞાનીક પધ્ધતિથી પશુપાલન કરવા માટે દિનેશચંદ્રએ કાંકરેજી ગાયની પસંદગી કરી. આ વિષે વાત કરતા તેઓ જણાવે છે કે કાંકરેજી ગાય મુખ્યત્વે બળદ બનાવવામાં જ કામ આવે છે. આથી એવા ધણખુંટ પસંદ કર્યા જેની માતાનું વજન ઓછું હોય પણ દુધ ઉત્પાદન વધુ હોય. તેઓએ વધુ જણાવ્યુ હતુ કે કાંકરેજ બ્રિડ પર કામ શરુ કર્યુ ત્યારે ગાય  દીઠ દીવસમાં ૭ થી ૮ લીટર દુધ ઉત્પાદન હતુ.

હાલમાં અત્યારે દરેક ગાય દીઠ ઓછામાં ઓછું ૧૫ લીટર અને વધુમાં વધુ ૨૪ લીટર દુધ પ્રાપ્ત થાય છે.

વર્ષ ૨૦૦૧માં વૈજ્ઞાનીક ઢબે શરૂ કરેલા પશુપાલન દ્વારા રૂપિયા ૩૦૦૦ની ગાયની કિંમત ૧ લાખ સુધી પહોચાડી.

૨૦૦૧માં પશુપાલન શરુ કરનાર દિનેશચંદ્ર પાસે હાલમાં ૧૫ કાંકરેજી ગાય અને ૧૦ શંકર ગાય છે.

૧૫ કાંકરેજી ગાયનું રોજનું ૬૦ લીટર અને ૧૦ શંકર ગાયનું ૨૦૦ લીટર જેટલુ દુધ ઉત્પાદન થાય છે.

તેઓ દુધ મેળવવા મીલ્કીગ મશીનનો ઉપયોગ કરે છે.

શ્રી દિનેશચંદ્ર જુડાલ પોતાની ૨૦ વીઘા જેટલી ખેતીની જમીનમાં માત્ર ગાયોનાં ચારા માટે વાવેતર કરે છે.

રાજયરકાર દ્વારા દિનેશચંદ્રને બેસ્ટ પશુપાલન નો એવોર્ડ પણ આપવામાં આવ્યો છે.

**સાભાર : ઈન્ટરનેટ પરથી સંકલિત અંશો.**

**સંકલન : જલ્પા ડોડીયા–સામાજીક કાર્યકર**

***માતાપિતાના દરેક વચન પ્રેમથી પરિપુર્ણ હોય છે તે સત્ય સ્વીકારો.***

**Happy birthday**

| | |
|---|---|
| Jaydeep Dhaduk | 10.08.1994 |
| Twinkal Jodhani | 11.08.1992 |
| Lalji Ramu | 22.08.1994 |

**In this month**

4-5 Workshops with FPO directors & CEO promoted by NM Sadguru Water & Development Foundation

7-8 Agronomic training (Modul-2 and 3) Krushi Vigynan Kendra - Amreli by CottonConnect

7-9 Visit by NABARD officials for Avirat Agro producer company ltd. and Shikshan ane Samaj Kalyan Kendra

13-14 Workshops with FPO office bearer at Vadodra

19 EPFO compliances meeting at Ahmadabad

19-20 Farmers assessment at Gir Somnath and Amreli District by GIZ

26-28 Field visit and IPM/IDM training at Dhokadva by CSPC

27-28 Workshop with FPO established in Saurashtra region at Rajkot

26-30 Attend a campaign on shikshan no saval at Bhachu

30-31 Training for village volunteers. Meeting of school management committee member's federation.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**દુર્જનની સોબતથી સદાચાર નાશ પામે છે.**